સોનાની કિંમત રેકોર્ડ રૂ. 1,03,420 પ્રતિ 10 ગ્રામની સપાટી પર

ચાંદીની કિંમત રૂ. 1,000 વધીને રૂ. 1,15,000 પ્રતિ કિલોગ્રામ થઈ

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): સ્ટોકિસ્ટો દ્વારા સતત ખરીદીને કારણે શુક્રવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ રૂ. 800 વધીને રૂ. 1,03,420 પ્રતિ 10 ગ્રામના નવી અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટી પર પહોંચ્યા હતા.

99.9 ટકા શુદ્ધતાવાળા સોનાના ભાવમાં રૂ. 3,600નો વધારો થયો હતો અને તે પ્રતિ 10 ગ્રામ રૂ. 1,02,620ની નવી ટોચ પર પહોંચ્યા હતા. રાષ્ટ્રીય રાજધાનીમાં, 99.5 ટકા શુદ્ધતાવાળા સોનાના ભાવ પણ શુક્રવારે 800 રૂપિયા વધીને પ્રતિ 10 ગ્રામ રૂ. 1,03,000ની (બધા કર સહિત) નવી ટોચ પર પહોંચ્યા હતા, જે ગુરુવારના સત્ર પછી નોંધાયેલા તેના અગાઉના રૂ. 1,02,200 પ્રતિ 10 ગ્રામના ઉચ્ચતમ સ્તરને વટાવી ગયા હતા.

છેલ્લા પાંચ સત્રમાં, સોનાના ભાવ પ્રતિ 10 ગ્રામ રૂ. 5,800 વધીને પ્રતિ 10 ગ્રામ રૂ. 5,800 થયા છે.

શુક્રવારે ચાંદીની કિંમતો પણ રૂ. 1,000 રૂપિયા વધીને રૂ. 1,15,000 પ્રતિ કિલોગ્રામ (બધા કર સહિત) થઈ હતી. એસોસિએશનના જણાવ્યા મુજબ, ગુરુવારે તે રૂ. 1,14,000 પ્રતિ કિલો પર સ્થિર થઈ હતી.

છેલ્લા પાંચ સત્રમાં આ સફેદ ધાતુમાં રૂ. 5,500 પ્રતિ કિલોનો ઉમેરો થયો છે.

વાર્ષિક બ્રિસ્ટોલ ઇન્ટરનેશનલ બલૂન ફિયેસ્ટામાં સામૂહિક પ્ર એક એલિયન આકારનું હોટ એર બલૂન ઉડી રહેલું તસવીરમાં જોઇ શકાય છ. બ્રિટનના બ્રિસ્ટોલમાં વાર્ષિક બ્રિસ્ટોલ ઇન્ટરનેશનલ બલૂન ફિયેસ્ટામાં સામૂહિક પ્રક્ષેપણ સંખ્યાબંધ બલૂનો ઉડતા મૂકાય છે.

મોદીએ પુટિન સાથે ફોન પર વાત કરી

ટ્રમ્પની ધમકીઓ વચ્ચે બંને નેતાઓએ દ્વિપક્ષી સંબંધો વધુ ગાઢ બનાવવા ચર્ચા કરી

મોદીએ રશિયન પ્રમુખને ભારત આવવા આમંત્રણ આપ્યું

નવી દિલ્હી, તા ૮(પીટીઆઇ): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાત કરી હતી, જે દરમિયાન બંને નેતાઓએ ભારત અને રશિયા વચ્ચે ખાસ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

પુતિને મોદીને યુક્રેન સાથેના તેમના દેશના ચાલી રહેલા સંઘર્ષ વિશે માહિતી આપી હતી, જેમાં વડાપ્રધાને તેના શાંતિપૂર્ણ ઉકેલ માટે ભારતના સતત વલણનો પુનરોચ્ચાર કર્યો હતો. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયન તેલની ખરીદી અંગે ભારત પર દબાણ વધારવાના પ્રયાસો વચ્ચે બંને નેતાઓ વચ્ચે આ વાતચીત યોજાઇ છે. X પરની એક પોસ્ટમાં મોદીએ કહ્યું, મારા મિત્ર પ્રમુખ પુતિન સાથે ખૂબ જ સારી અને વિગતવાર વાતચીત થઈ. યુક્રેન પરના નવીનતમ વિકાસને શેર કરવા બદલ મેં તેમનો આભાર માન્યો. અમે અમારા દ્વિપક્ષીય કાર્યસૂચિમાં પ્રગતિની પણ સમીક્ષા કરી, અને ભારત-રશિયા વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની અમારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. આ વર્ષના અંતમાં પ્રમુખ પુતિનને ભારતમાં આમંત્રિત કરવા માટે હું આતુર છું એમ મોદીએ કહ્યું હતું. આ 23મી ભારત-રશિયા વાર્ષિક સમિટ હશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પ્રમુખ પુતિને યુક્રેન સંબંધિત નવીનતમ ઘટના વિકાસ વિશે વડાપ્રધાનને માહિતી આપી હતી. બંને નેતાઓએ દ્વિપક્ષીય કાર્યસૂચિમાં પ્રગતિની પણ સમીક્ષા કરી, અને ખાસ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીએ આ વર્ષના અંતભાગે પ્રમુખ પુતિનને 23મી ભારત-રશિયા વાર્ષિક સમિટ માટે ભારત આવવા આમંત્રણ આપ્યું હતું.

રશિયા-અમેરિકા સમિટ પહેલા જિનપિંગ અને પુટિને ફોન પર વાત કરી

બેઇજિંગ, તા. ૪(પીટીઆઇ): ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે શુક્રવારે તેમના રશિયન સમકક્ષ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાત કરી હતી, જેમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેન યુદ્ધના ભાવિ માર્ગ પર ચર્ચા કરવામાં આવી હતી. પુતિનની વિનંતી પર થયેલી આ ફોન કોલ દરમિયાન, રશિયન નેતાએ યુક્રેનિયન કટોકટીની વર્તમાન પરિસ્થિતિ અને રશિયા અને અમેરિકા વચ્ચેના તાજેતરના સંપર્કો અને સંદેશાવ્યવહાર અંગે મોસ્કોના મંતવ્યો રજૂ કર્યા હતા, એમ ચીની વિદેશ મંત્રાલય દ્વારા અહીં જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે.

હુમા કુરેશીના પિતરાઈ ભાઈની દિલ્હીમાં પાર્કિંગ વિવાદ પર હત્યા

બે યુવકોની ધરપકડ કરાઈ

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): દક્ષિણપૂર્વી દિલ્હીના ભોગલ વિસ્તારમાં પાર્કિંગના વિવાદ પર અભિનેત્રી હુમા કુરેશીના પિતરાઈ ભાઈની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. તેમના મૃત્યુના સંદર્ભમાં બે યુવાનોની ધરપકડ કરવામાં આવી છે, એમ શુક્રવારે એક અધિકારીએ જણાવ્યું હતું. ભોગલના ચર્ચ લેનમાં રહેતા આસિફ કુરેશી (42) પર ગુરુવારે મોડી રાત્રે થયેલા ઉગ્ર ઝઘડા દરમિયાન કોઈ અણીદાર વસ્તુથી હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે તેની છાતીમાં ગંભીર ઈજા થઈ હતી, એમ તેમણે જણાવ્યું હતું. સીસીટીવી ક્લિપમાં બે માણસો દ્વારા આસિફને ધક્કો મારતા અને મારતા જોવા મળે છે, જ્યારે ત્યાં ઉભેલા લોકો મદદ માટે જોરથી બૂમો પાડી રહ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના રાત્રે 10.30 વાગ્યાની આસપાસ બની હતી જ્યારે આસિફે તેના ઘરની સામે સ્કૂટર પાર્ક કરવા બદલ એક વ્યક્તિ સાથે બોલાચાલી કરી હતી. આ બોલાચાલી ઝડપથી વકર્યી હતી અને આસિફ પર પોકર પ્રકારના હથિયારથી હુમલો કરવામાં આવ્યો હતો, જેનાથી તેની છાતીમાં ઊંડો ઘા થયો હતો.

સૈફ અલી ખાનની પારિવારીક મિલકતના વિવાદમાં એમપી હાઈકોર્ટના આદેશ પર સુપ્રીમે સ્ટે લગાવ્યો

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે ભોપાલના છેલ્લા નવાબ હમીદુલ્લા ખાનની શાહી મિલકત સાથે સંબંધિત દાયકાઓ જૂના મિલકત વિવાદને નવા નિર્ણય માટે ટ્રાયલ કોર્ટમાં મોકલવાના મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશ પર શુક્રવારે વચગાળાનો સ્ટે મંજૂર કર્યો હતો. નવાબ હમીદુલ્લા ખાનના મોટા ભાઈ ઓમર ફારુક અલી અને રાશીદ અલીની 30 જૂનના હાઈકોર્ટના આદેશ સામેની અરજી પર જસ્ટિસ પી. એસ. નરસિંહા અને અતુલ ચાંદુરકરની બનેલી બેન્ચે નોટિસ જારી કરી હતી.

સ્મૃતિ ઈરાની ટીવી પર સૌથી વધુ ફી લેનાર અભિનેત્રી બન્યા

મુંબઈ, તા. 8: અભિનેત્રી સ્મૃતિ ઈરાની ફરીથી ટેલિવઝન પર નજર આવી રહ્યા છે, તેમનો શો ક્યોંકિ સાસ ભી કભી બહુથી-2 શરૂ થઈ ચુક્યો છે. પ્રથમ અઠવાડિયામાં જ આ શોએ કેટલાંક રેકોર્ડ તોડ્યા છે અને તે ટીઆરપી યાદીમાં ટોચના ક્રમે પહોંચ્યો છે. એવા સમાચાર સામે આવ્યા છે કે આ શો માટે સ્મૃતિ ઈરાની ભારે ફી વસુલી રહ્યા છે અને તેઓ ટીવીના સૌથી વધુ ફી મેળવનાર અભિનેત્રી બન્યા છે. તેમણે રૂપાલી ગાંગુલી અને હિના ખાન સહિત કેટલાંક ટીવી સ્ટાર્સને પાછળ મૂક્યા છે. સ્મૃતિએ આ અંગે પૂછવા પર કહ્યું કે હા આ વાત સાચી છે. માત્ર પગાર સમાનતા જ નહીં હું યુવક-યુવતીઓને પણ પાછળ કરું છું અને હું જેટલી કમાણી કરું છું તે બહુ જ મહેનતનું કામ છે. તેઓ એક એપિસોડના 14 લાખ લઈ રહ્યાં છે અને 150 એપિસોડ છે આમ 21 કરોડની કમાણી કરશે.

કપિલ શર્માએ સલમાનને શોમાં બોલાવતા બિશ્નોઈ ગેંગે તેના કાફે પર ગોળીબાર કર્યો

મુંબઈ, તા. 8: કોમેડિયન કપિલ શર્માના કેનેડા સ્થિત રેસ્ટોરન્ટ કેપ્સ કાફે પર બે વાર ગોળીબાર કરવામાં આવ્યો છે. હવે આ મામલે એક મોટી અપડેટ આવી છે. એવું જાણવા મળ્યું છે કે કેપ્સ કાફે પર ગોળીબાર ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ગેંગ દ્વારા કરવામાં આવ્યો છે. સલમાન ખાનની નજીક હોવાથી કપિલ શર્મા માટે જીવનું જોખમ બની ગયું છે. લોરેન્સ ગ્રુપના ગેંગસ્ટર હૈરી બોક્સરનો ઓડિયો મેસેજ સામે આવ્યો હતો જેમાં દાવો કરાયો હતો કે કોમેડિયને સલમાનને નેટફ્લિક્સ શો 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો' સીઝન-2ના પહેલાં એપિસોડમાં બોલાવ્યો હતો. હૈરીએ આખા ફિલ્મ ઉદ્યોગને ધમકી આપતા કહ્યું હતું 'બીજી વખત જે પણ નિર્દેશક, નિર્માતા, કલાકાર સલમાન સાથે કામ કરશે તે બધાને ચેતવણી આપવામાં આવે છે કે હવે ગોળી સીધી છાતી પર ચાલશે.'

મન કી બાત કાર્યક્રમે અત્યાર સુધી રૂ. 34.13 કરોડની કમાણી કરી

મન કી બાતનું પ્રથમ પ્રસારણ 3 ઓક્ટોબર, 2014ના રોજ થયું હતું

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીના 'મન કી બાત' કાર્યક્રમે તેની શરૂઆતથી અત્યાર સુધીમાં રૂ. 34.13 કરોડની આવક મેળવી છે, એમ સરકારે શુક્રવારે રાજ્યસભામાં જણાવ્યું હતું.

માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી એલ. મુરુગાને એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે મન કી બાત કાર્યક્રમ અનેક પરંપરાગત અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા શ્રોતાઓ સુધી પહોંચે છે.

ભારતે અમેરિકા પાસેથી સંરક્ષણ ખરીદીઓ અટકાવી હોવાનો બ્રિટિશ મીડિયાનો અહેવાલ

સંરક્ષણમંત્રી રાજનાથસિંહે અમેરિકાની મુલાકાત રદ કરી હોવાનો પણ રોઇટર્સનો અહેવાલ

ભારતે જો કે આ અહેવાલ ફગાવી દીધો

નવી દિલ્હી, તા. ૮: ભારતના વરિષ્ઠ સંરક્ષણ અધિકારીઓએ શુક્રવારે બ્રિટિશ મીડિયાના એવા એક અહેવાલને ફગાવી દીધો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે નવી દિલ્હીએ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના 50% ટેરિફના બદલામાં ઘણી અમેરિકી સંરક્ષણ પ્રણાલીઓ ખરીદવાની તેની યોજનાઓને સ્થગિત કરી દીધી છે. અધિકારીઓએ આ અહેવાલને ખોટો અને બનાવટી ગણાવ્યો હતો અને સ્પષ્ટતા કરી હતી કે ખરીદીના વિવિધ કેસ (સોદા) હાલની પ્રક્રિયાઓ અનુસાર કરવામાં આવી રહ્યા છે. રોઇટર્સે અહેવાલ આપ્યો છે કે ટ્રમ્પના નવી દિલ્હી સાથેના ટેરિફ વિવાદની પૃષ્ઠભૂમિમાં ભારતે ઘણી અમેરિકા સંરક્ષણ પ્રણાલીઓ ખરીદવાની તેની યોજનાઓને સ્થગિત કરી દીધી છે. ભારતે અમેરિકા શસ્ત્રો ખરીદવાની યોજનાઓને અટકાવી દીધી; સંરક્ષણ પ્રધાને અમેરિકા મુલાકાત રદ કરી એમ આ મીડિયા સંસ્થાએ અહેવાલ આપ્યો હતો.

રોઇટર્સના જણાવ્યા અનુસાર, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે જનરલ ડાયનેમિક્સ લેન્ડ સિસ્ટમ્સ દ્વારા બનાવેલા સ્ટ્રાઇકર કોમ્બેટ વાહનો અને રેથિયોન અને લોકહીડ માર્ટિન (LMT.N)- દ્વારા વિકસિત જેવેલિન એન્ટી-ટેન્ક મિસાઇલો ખરીદવા માટેની ચર્ચાઓને હાલ પૂરતી મુલતવી રાખી છે.

અમેરિકાએ વેનેઝુએલાના પ્રમુખ પર રૂ. 418 કરોડનું ઈનામ રાખ્યું

અમેરિકામાં ડ્રગ્સ દાણચોરીના આરોપ

પ્રમુખ નિકોલસ મદુરોની 70 કરોડ ડોલરની મિલકત જપ્ત

વોશિંગ્ટન, તા. 8: અમેરિકાએ વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ મદુરોની ધરપકડ પર 50 મિલિયન ડોલર એટલે કે રૂ. 418 કરોડનું ઈનામ રાખ્યું છે. ટ્રમ્પ વહીવટીતંત્રે આરોપ લગાવ્યો છે કે મદુરો વિશ્વના સૌથી મોટા નાર્કો દાણચોરોમાંનો એક છે. મદુરો પર ડ્રગ સંગઠનો સાથે કામ કરીને ફેન્ટાનાઇલ-લેસ્ડ કોકેન અમેરિકા મોકલવાનો આરોપ છે, એમ ઈનામની જાહેરાત કરતા એટર્ની જનરલ પામ બોન્ડીએ કહ્યું હતું.

પ્રમુખ ટ્રમ્પના નેતૃત્વમાં, મદુરો ન્યાયથી બચી શકશે નહીં અને તેણે પોતાના ગુનાઓનો જવાબ આપવો પડશે.

બોન્ડીએ કહ્યું કે ન્યાય વિભાગે મદુરોની 700 મિલિયન ડોલરથી વધુની મિલકત જપ્ત કરી છે. આમાં બે ખાનગી જેટ પણ સામેલ છે.

2020માં મેનહટન ફેડરલ કોર્ટમાં મદુરો પર નાર્કો-ત્રાસવાદ અને કોકેઈનની દાણચોરીના કાવતરાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

ભારત જો રશિયન ઓઈલની આયાત બંધ કરે તો ચાલુ નાણાકીય વર્ષમાં તેનું આયાત બિલ ૯ અબજ ડોલર વધી શકે

આવતા નાણાકીય વર્ષ સુધીમાં ૧૨ અબજ ડોલર સુધી વધી શકે : એસબીઆઈનો અહેવાલ

મુંબઈ, તા. ૮: જો ભારત ડિસ્કાઉન્ટેડ રશિયન તેલની આયાત બંધ કરે છે, તો નાણાકીય વર્ષ 26 માં દેશનું તેલ આયાત બિલ લગભગ 9 અબજ ડોલર વધી શકે છે અને નાણાકીય વર્ષ 27 સુધીમાં 12 અબજ ડોલર સુધી પહોંચી શકે છે, એમ SBIનો એક અહેવાલ જણાવે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ડિસ્કાઉન્ટેડ રશિયન તેલનો અભાવ ભારતની ઈંધણ ખરીદીને વધુ ખર્ચાળ બનાવશે.

યુક્રેન યુદ્ધને કારણે પશ્ચિમી દેશોએ મોસ્કો પર પ્રતિબંધો લાદ્યા પછી, ભારત 2022 થી સસ્તું રશિયન તેલ ખરીદી રહ્યું છે. રશિયન તેલ 60 ડોલર પ્રતિ બેરલની ટોચમર્યાદા હોવાથી હોવાથી અને ડિસ્કાઉન્ટ પર વેચાતા, તેણે ભારતને તેના ઉર્જા બિલમાં મોટી બચત કરવામાં મદદ કરી છે. આ સોદાઓને કારણે, રશિયા ભારતનો ટોચનું ઓઈલ સપ્લાયર બન્યું છે.

અમેરિકા-ભારત વચ્ચે તણાવનું કારણ મોદી-ટ્રમ્પ વચ્ચે ફોન પર થયેલી વાતચીત?

મોદીએ ટ્રમ્પને ફોન પર સ્પષ્ટપણે કહ્યું કે પાકિસ્તાન સાથે યુદ્ધવિરામમાં કોઈ તૃતીય પક્ષ (અમેરિકા) નથી

મોદીએ કેનેડાથી પરત ફરતી વખતે વ્હાઇટ હાઉસમાં રોકાવાનું આમંત્રણ નકાર્યું હતું

નવી દિલ્હી, તા. 8: ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો કેટલાક દિવસોથી તણાવપૂર્ણ છે. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારે ટેરિફની જાહેરાતને કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે, પરંતુ તણાવ ખૂબ પહેલા શરૂ થઈ ગયો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ટ્રમ્પની વાતચીત સારી ન હતી, ખાસ કરીને પાકિસ્તાન અને ભારત વચ્ચે યુદ્ધવિરામના દાવા પછી. અહેવાલમાં જણાવ્યું છે કે પાકિસ્તાન પર મોદી-ટ્રમ્પ વચ્ચેની 35 મિનિટની વાતચીતથી ભારત-અમેરિકા સંબંધોને કેવી રીતે નુકસાન થયું.

અહેવાલ મુજબ, 10 મેના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ થયા પછી, ડોનાલ્ડ ટ્રમ્પે વારંવાર મધ્યસ્થીનો દાવો કર્યો હતો. ભારતે આ વાતનો ઇનકાર કર્યો હતો અને બંને દેશો વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ બન્યા હતા. એક રસપ્રદ વળાંક 17 જૂને આવ્યો, જ્યારે નરેન્દ્ર મોદીએ ટ્રમ્પ સાથે 35 મિનિટ સુધી ફોન પર વાત કરી. આ કેનેડામાં જી-7 સમિટ દરમિયાન બન્યું. મોદી આ કાર્યક્રમમાં પહોંચે તે પહેલાં ટ્રમ્પ ત્યાંથી ચાલ્યા ગયા હતા.

આવી સ્થિતિમાં, બંને નેતાઓએ ફોન પર વાત કરી હતી. ટ્રમ્પ સાથે ફોન કોલ દરમિયાન, મોદીએ સ્પષ્ટપણે કહ્યું હતું કે પાકિસ્તાન સાથે યુદ્ધવિરામમાં કોઈ તૃતીય પક્ષ (અમેરિકા) નથી. મોદીએ સ્પષ્ટ કર્યું કે ભારતની નીતિ મધ્યસ્થી સ્વીકારવાની નથી.

અહેવાલ મુજબ ટ્રમ્પે પાકિસ્તાની સૈન્ય વડા મુનીરને લંચ પર આમંત્રિત કર્યા તેનાથી વસ્તુઓ વધુ ખરાબ થઈ હતી. ભારતે ટ્રમ્પ દ્વારા મુનીરને આતિથ્ય આપવાને તેના પર આરોપ મૂકવામાં આવેલા ત્રાસવાદી પ્રવૃત્તિઓને કાયદેસરતા આપવા તરીકે જોયું. ટ્રમ્પે આ સમય દરમિયાન નરેન્દ્ર મોદીને અમેરિકા આવવા કહ્યું હતું પરંતુ મોદીને ચિંતા હતી કે ટ્રમ્પ તેમની અને મુનીર વચ્ચે મુલાકાત ગોઠવી શકે છે.

નાણામંત્રીએ લોકસભામાંથી ઈન્કમટેક્સ ખરડો પાછો ખેંચી લીધો

પ્રવર સમિતિએ સુચવેલા સુધારા સાથેનું આ ખરડાનું નવું સંસ્કરણ ૧૧મીએ રજૂ કરવામાં આવશે

નવી દિલ્હી, તા. ૮(પીટીઆઈ): નાણા મંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભામાંથી આવકવેરા ખરડો, ૨૦૨૫ પાછો ખેંચી લીધો છે અને સરકાર આ ખરડામાં પ્રવર સમિતિ દ્વારા સૂચવેલા ફેરફારો ઉમેર્યા પછીની આ ખરડાની સુધારેલી આવૃતિ સાથે આગળ આવશે.

ઈન્કમટેક્સ બિલની નવી આવૃતિ લોકસભામાં ૧૧મી ઓગસ્ટે રજૂ થશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આઈટી ખરડાની સુધારેલી આવૃતિમાં પ્રવર સમિતિની મોટા ભાગની ભલામણો શામેલ કરવામાં આવી છે. બિલના અનેક સંસ્કરણો દ્વારા સર્જાતી મૂંઝવણ ટાળવા અને તમામ ફેરફારોને સમાવિષ્ટ કરીને સ્પષ્ટ અને અપડેટેડ સંસ્કરણ પ્રદાન કરવા માટે, આવકવેરા બિલનું નવું સંસ્કરણ સોમવારે ગૃહમાં વિચારણા માટે રજૂ કરવામાં આવશે એમ સૂત્રોએ જણાવ્યું હતું.

ભૈજયંત પાંડાની અધ્યક્ષતાવાળી સિલેક્ટ કમિટીએ ૧૩ ફેબ્રુઆરીએ લોકસભામાં રજૂ કરાયેલા આવકવેરા બિલમાં અનેક ફેરફારો સૂચવ્યા હતા. નીચલા ગૃહમાં રજૂ થયા પછી તરત જ બિલને ચકાસણી માટે પ્રવર સમિતિને મોકલવામાં આવ્યું હતું. નવો આવકવેરા કાયદો છ દાયકા જૂના આવકવેરા અધિનિયમ, ૧૯૬૧નું સ્થાન લેનાર છે. ૩૧ સભ્યોની પ્રવર સમિતિએ ખરડા પર કેટલાક સૂચનો કર્યા હતા. તેણે નવા કાયદામાં ધાર્મિક-સહ-ચેરિટેબલ ટ્રસ્ટોને આપવામાં આવેલા અનામી દાન પર કર મુક્તિ ચાલુ રાખવાની પણ તરફેણ કરી હતી, ઉપરાંત સૂચવ્યું હતું કે કરદાતાઓને કોઈપણ દંડ ચૂકવ્યા વિના ITR ફાઈલિંગની અંતિમ તારીખ પછી પણ TDS રિફંડનો દાવો કરવાની મંજૂરી આપવામાં આવે.

torrent POWER

વીજપ્રવાહ બંધ રહેવા બાબત

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૧૧/૦૮/૨૦૨૫, સોમવાર : રઘુનંદન માર્કેટ (રીંગ રોડ), પિપળા શેરી (સહજાનંદ), પરમાર (વત્સલ એપાર્ટ.)
- ૧૨/૦૮/૨૦૨૫, મંગળવાર : હરિ ઇચ્છા ઇન્ડ. નં.૩, પટેલ નગર નં.૨ (એ.કે.રોડ)
- ૧૩/૦૮/૨૦૨૫, બુધવાર : સુરત ટેક્ષટાઇલ માર્કેટ નં.૨-SS-T૧, દિવ્ય પથ (સીટી લાઇટ), જયરામ (કતારગામ), રાજાનંદ નં.૨ (કતારગામ)
- ૧૪/૦૮/૨૦૨૫, ગુરૂવાર : રીના ડાઇંગ એન્ડ પ્રિન્ટીંગ (HT), સુરત ઇન્ડ.નં.૨ (બમરોલી), ભરતનગર (વરાછા)
- ૧૭/૦૮/૨૦૨૫, રવિવાર : એફ-સ્ટેશન (ડભોલી)-T૨

અસુવિધા બદલ દિલગીર છીએ

વીજ સ્થાપનમાં ELCB/RCCB લગાડવાથી વીજ અકસ્માત નિવારી શકાય.

WhatsApp 8141970070

હેલ્પ લાઈન નં. 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912

પોર્ટલ : connect.torrentpower.com અને મોબાઈલ એપ : Torrent Power Connect

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

એપીએમસી ડુંભાલ શાખા : કિરણ મોટર્સ પાસે પુણા કુંભારીયા રોડ, ડુંભાલ, સુરત–૩૯૫૦૧૦, ફોન ન.૨૩૩૫૭૭,૨૩૬૩૫૭૭ E-MAIL ID: dumsur@bankofbaroda.com

પરિશિષ્ટ – I – મુક્તિ સૂચના

સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 6(2) અને/અથવા નિયમ 8(6) હેઠળ સૂચના

પ્રતિ,
૧. શ્રી મનોજકુમાર ભગવાન સામાલ
૨. શ્રીમતી મંજુલતા ભગવાન સામાલ
ફ્લેટ નં. ૪૦૫, બિલ્ડીંગ નં. બી–૬ સ્વપ્ન સૃષ્ટિ રેસીડન્સી ભેસ્તાન, સુરત.

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (SARFAESI એક્ટ, 2002) ના સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 6(2) અને/અથવા નિયમ 8(6) હેઠળ નોટિસ.

સંદર્ભ :-
૧. સરફેસી એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ **૧૭.૧૨.૨૦૨૪** તારીખે જારી કરાયેલ માંગણા નોટિસ.
૨. સરફેસી એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ (૪) હેઠળ **૧૩.૦૩.૨૦૨૫** તારીખે જારી કરાયેલ કબજા નોટિસ.

પ્રિય સાહેબ/મેડમ,
આથી **બૅંક ઓફ બરોડા, એપીએમસી ડુંભાલ શાખા** ના અધિકૃત અધિકારીએ સિક્યોર્ડ ક્રેડિટર બૅંક તરીકે, SARFAESI એક્ટ 2002 (હવે "અધિનિયમ" તરીકે સંદર્ભિત) ની કલમ 13(2) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 (ત્યારબાદ "નિયમો" તરીકે સંદર્ભિત) ના નિયમો 3 સાથે વાંચીને તારીખ, **૧૭.૧૨.૨૦૨૪** ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરી છે, જેમાં તમને દેવાદાર (રો)/ગીરવેદાર (રો)/જામીનદાર (રો) તરીકે ઉપરોક્ત ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ નોટિસ મળ્યાના 60 દિવસની અંદર ચૂકવવાનું કહેવામાં આવ્યું છે.
અને જ્યારે તમે રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છો, ત્યારે નિયમ 4 અને/અથવા નિયમોના નિયમ 8 સાથે વાંચેલા ઉપરોક્ત કાયદાની કલમ 13(4) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે સહી કરનારે સુરક્ષિત સંપત્તિઓનો કબજો (હવે ઉપરોક્ત મિલકતો તરીકે ઓળખવામાં આવે છે) સંભાળી લીધો છે, જેનું વર્ણન નીચે આપેલા શેડ્યૂલમાં વધુ વિગતવાર કરવામાં આવ્યું છે. **૧૩.૦૩.૨૦૨૫** તારીખની કબજા નોટિસની નકલ અહિ સંદર્ભે માટે અહીં જોડાયેલ છે
સુરક્ષિત સંપત્તિનો કબજો લીધા પછી પણ, તમે ઉપરોક્ત કબજા સૂચનામાં ઉલ્લેખિત બૅંકને બાકી રકમ ચૂકવી નથી. સુરક્ષિત સંપત્તિઓને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં SARFAESI એક્ટ, 2002 ની કલમ 13 ની પેટા-કલમ (8) ની જોગવાઈઓ તરફ તમારું ધ્યાન આકર્ષિત કરવામાં આવે છે.
તેથી આપ સૌને વિનંતી છે કે આ નોટિસ મળ્યાના 30 દિવસની અંદર કબજા નોટિસમાં દર્શાવેલ બાકી રકમ, લાગુ વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચાઓ ચૂકવી દો અને નીચે દર્શાવેલ સુરક્ષિત સંપત્તિ રિડીમ કરો. જો તમે ઉપરોક્ત બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ જાઓ અને આ નોટિસ મળ્યાના 30 દિવસની અંદર સુરક્ષિત સંપત્તિ રિડીમ કરો, તો બૅંક ઈ-હરાજી વેચાણ નોટિસ પ્રકાશિત કરીને જાહેર ઈ-હરાજી દ્વારા સુરક્ષિત સંપત્તિ વેચવા માટે મજબૂર રહેશે. ઈ-હરાજી તારીખ, સમય અને મિલકતની અનામત કિંમત તમને અલગથી જાણ કરવામાં આવશે.

સુરક્ષિત મિલકત / સંપત્તિ નં શિ.ડ્યુલ

અ. નં	સ્થાવી / અસ્થાવી મિલકત નું વર્ણન	કબજા ની તારીખ	કબજા નો પ્રકાર સાંકેતીક / પ્રત્યક્ષ	કબજા નોટીસ પ્રસિદ્ધ કર્યા ની તારીખ (ફકત સ્થાવી મિલકત માટે)
૧.	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવી મિલકત કે જે સ્વપ્ન સૃષ્ટિ રેસીડન્સી, ના બિલ્ડીંગ નં. બી–૬, ના ૪થા માળનો ફલેટ નં. ૪૦૫, સુંદરમ સ્ટેટસ સામે, ભેસ્તાન, જી. સુરત ખાતે આવેલ છે.	૧૩.૦૩.૨૦૨